

# ગેરેજમાં રિપેરિંગ માટે આવેલી કાર કચરાની આગની ઝપેટમાં ભડભડ સળગી ગઈ

સુરતઃ શહેરનાં ઉન પાટિયા વિસ્તારમાં ગેરેજમાં રિપેરીંગ માટે આવેલી એક કારમાં આજે વહેલી સવારે આગ લાગી ગઈ હતી, જેને પગલે ભાગદોડ મચી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ, ઉન પાટિયા સનામીલ ખાતે વાહનોના એક ગેરેજમાં આજે સવારે 7:05 કલાકે ગેરેજની બહાર પાર્ક કરેલી એક કારમાં અચાનક આગ લાગી હતી. આગની ઝપેટમાં આવેલી કારનો આગળનો ભાગ ભડભડ સળગવા લાગ્યો હતો અને લોકોમાં ભાગદોડ મચી જવા પામી હતી. ભેસ્તાન ફાયર બ્રિગેડના જવાનોની એક ટીમે ઘટના સ્થળે પહોંચી આગને કંટ્રોલ કરવાની કવાયત હાથ ધરી હતી. ફાયર ઓફિસર દિનેશ પટેલે જણાવ્યું હતું કે વહેલી સવારે ગેરેજ બંધ હતું અને કાર બહાર મુકેલી હતી. બાજુમાં કચરો પણ સળગતો હતો અને કચરામાં લાગેલી આગની ઝપેટમાં કાર આવી ગઈ હતી. અડધા કલાકની જહેમત બાદ આગ ઓલવી નંખાઈ હતી.

# પાલ આરટીઓ કચેરીની 'તીસરી આંખ' બંધ, સુરક્ષા માટે લગાવેલા સીસીટીવી કેમેરા માત્ર 'શોભાના...'

**હાઈ** રિઝોલ્યુશન અને ક્લિયર મોશનને કેપ્ચર કરતાં તમામ કેમેરાઓ મેઇન્ટેનન્સના અભાવે બંધ

**ડ્રાઇવિંગ** ટેસ્ટના કોટ નજીકના કેમેરાઓ પણ મોટાભાગે બંધ

સુરતઃ પાલ સ્થિત આરટીઓ કચેરીનાં પરિસરમાં સુરક્ષા માટે લગાવેલા સીસીટીવી કેમેરાઓ માત્ર શોભાનાં ગાઠીયા સમાન બની ગયા છે. કોઈ અનિચ્છનીય ઘટના પર નજર રાખવા માટે જે કેમેરાઓ લગાવવામાં આવ્યા છે તે હાલ બંધ હાલમાં હોવાનું જાણવા મળ્યું છે.

આરટીઓ કચેરીમાં હાઈટેક કેમેરાઓ લગાવવામાં આવ્યા છે. જે વિશે આરટીઓના એજન્ટો તથા જાણકાર સૂત્રોનાં જણાવ્યાં મુજબ યોગ્ય મેન્ટેનન્સના અભાવને કારણે તમામ કેમેરાઓ એક પછી એક બંધ અવસ્થામાં જ છે. યોગ્ય રીતે દેખરેખ ન રાખવાથી સમગ્ર સિસ્ટમ નકામી બની ગઈ છે. બીજી તરફ આરટીઓની બહાર સાઈડમાં આવેલા ડ્રાઈવિંગ ટેસ્ટના કોટ નજીકના કેમેરાઓ પણ અનેકવાર બંધ થઈ ગયા હોવાનું સપાટી પર આવ્યું છે. ડ્રાઈવિંગ પરીક્ષા માટે મહત્વના હોવાથી ત્યાં કેમેરાઓ સક્રિય રહેવા અત્યંત જરૂરી છે, પણ તે પણ મોટાભાગે બંધ રહેતા હોય છે.



### આરટીઓની કામગીરી અને વ્યવસ્થા ઉપર સવાલો

ટેકનોલોજીનો યોગ્ય રીતે ઉપયોગ નહીં થવો એ માત્ર નાણાંનો વ્યય જ નહીં પરંતુ લાપરવાહી અને સંભવિત ભ્રષ્ટાચાર તરફ ઈશારાઓ કરી રહ્યા છે. આવી હાલાતમાં આરટીઓની કામગીરી અને વ્યવસ્થા ઉપર અનેક સવાલો ઊભા થયા છે. જો કચેરીમાં લગાવેલા કેમેરાઓ જ કાર્યરત ન હોય તો સુરક્ષા વ્યવસ્થા માટે જોખમ ઊભું થઈ શકે છે.

### કેમેરાઓ બંધ છતાં એઆરટીઓએ ચાલુ હોવાનું કહ્યું

સુરત એઆરટીઓ આકાશ પટેલને પૂછતાં તેમણે જણાવ્યું હતુ કે, કેમેરાઓ ચાલુ અવસ્થામાં છે. ટેસ્ટ ડ્રાઈવ કોટ પાસે લગાવેલા કેમેરા અંગે તેમની પાસે ફરીયાદો આવી હતી, જોકે ફરીયાદ બાત તેને ચાલુ કરી દેવામાં આવ્યાં હોવાનું કહ્યું હતું. તમામ કેમેરાઓનુ મેન્ટેનન્સ પણ આરટીઓ જાતે જ કરે છે.

# જી.ડી. ગોએન્કા સ્કૂલે ધો.12 અને 10માં સીબીએસઈમાં 100 ટકા પરિણામ આપ્યું


સુરતઃ શહેરની જાણીતી જી. ડી. ગોએન્કા ઈન્ટરનેશનલ સ્કૂલ, સુરતે સતત ૧૨ વર્ષથી ધોરણ ૧૦ અને ૧૨માં હ્યુમેનિટીઝ, કોમર્સ, અને સાયન્સ પ્રવાહની બોર્ડ પરીક્ષામાં ૧૦૦% પરિણામ આપી તેની શૈક્ષણિક શ્રેષ્ઠતા કાયમ રાખી છે. આ જ શાનદાર પ્રદર્શન સાથે, આ વર્ષે પણ ધોરણ ૧૨ની બોર્ડ પરીક્ષામાં સ્કૂલે ૧૦૦% પરિણામ હાંસલ કર્યું છે. હ્યુમાનિટીઝ પ્રવાહમાં ઓવર ઓલ ટકા ૯૦.૮ %, હ્યુમાનિટીઝ પ્રવાહમાં હાઈએસ્ટ ટકા ૯૮.૬ % તેમજ હ્યુમાનિટીઝ પ્રવાહમાં ટોટલ ૧૧ હતા. જ્યારે કોમર્સ પ્રવાહમાં ઓવરઓલ ટકા ૮૨ %, કોમર્સ માં હાઈએસ્ટ ટકા ૯૮.૨ % અને વિદ્યાર્થીઓની સંખ્યા ૮૮ હતી. સાયન્સ પ્રવાહમાં ઓવર ઓલ ટકા ૮૧.૨૯ %, સાયન્સ પ્રવાહમાં હાઈએસ્ટ ટકા ૯૫.૪ % અને કુલ ૨૨ વિદ્યાર્થીઓ હતા. આમ શાળાના ટોટલ ૧૨૧ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેમાંથી ૩૭ વિદ્યાર્થીઓએ ૯૦ ટકાથી વધુ, ૪૧ વિદ્યાર્થીઓએ ૮૦ થી ૮૯ ટકા, ૩૦ વિદ્યાર્થીઓએ ૭૦ થી ૭૯ ટકા, ૧૨ વિદ્યાર્થીઓએ ૬૦ થી ૬૯ ટકા તથા શાળાના ૧૨૦ વિદ્યાર્થીઓએ ફર્સ્ટ ડિવિઝન સાથે પરિક્ષા પાસ કરી છે. જ્યારે ૧૦માં શાળાના ૧૦૩ વિદ્યાર્થીઓએ પરિક્ષા આપી હતી, જેમાંથી ૫૧ વિદ્યાર્થીઓએ ૯૦ ટકાથી વધુ, ૩૦ વિદ્યાર્થીઓએ ૮૦ થી ૮૯ ટકા, ૧૭ વિદ્યાર્થીઓએ ૭૦ થી ૭૯ ટકા, ૫ વિદ્યાર્થીઓએ ૬૦ થી ૬૯ ટકા મેળવ્યા છે. પરિણામ બદલ જી. ડી. ગોએન્કા ઇન્ટરનેશનલ સ્કૂલના ડાઈરેક્ટર પ્રિન્સિપાલ શ્રીમતી જયશ્રી ચોરરિયા, ડાયરકેટર ઓપરેશન્સ શ્રીમતી સેજલ ઠક્કર, હાયર સેક્શન કો-ઓર્ડિનેટર સોહેલ મકવાણા, બધા વિષયના એચ.ઓ.ડી., હાયર સેક્શન આસિસ્ટન્ટ કોઓર્ડિનેટર શ્રીમતી હેતલ તમાકુવાલા તથા જીડીજીઆઈએસની સમગ્ર ટીમે વિદ્યાર્થીઓના માતા-પિતા તથા શિક્ષકોને સફળતા બદલ અભિનંદન પાઠવ્યાં હતાં તથા વિદ્યાર્થીઓ ભવિષ્યમાં પણ સફળતા હાંસલ કરતાં રહે તેવી શુભેચ્છા પાઠવી હતી.

### ધો.10માં કયા વિદ્યાર્થીનો કેટલો ક્રમ



વિસ્મય ડાગા ૯૯.૬% આશી બન્સલ ૯૮.૮% સંભવી ઝા ૯૮.૮% દિયા ભીખાડીયા ૯૮.૪%

### કોમર્સ પ્રવાહમાં પ્રથમ ત્રણ વિદ્યાર્થી



ક્રીત શાહ ૯૮.૨૦% દિવિત અગ્રવાલ ૯૭.૮૦% આરવ તિવારી ૯૬.૪૦% કાશ્વી ચાંડક ૯૬.૪૦%

### હ્યુમિનિટિઝ પ્રવાહમાં પ્રથમ ત્રણ વિદ્યાર્થી



સિયા સિંઘાનીયા ૯૮.૬૦% નિત્યા ગુપ્તા ૯૬.૮૦% અનુષ્કા શાહ ૯૫.૦૦%

### સાયન્સ પ્રવાહમાં પ્રથમ ત્રણ વિદ્યાર્થી



# વરાછામાં મેટ્રો-MMTHની કામગીરી ચાલુ કરાઇ નથી તેવા માર્ગોના બેરિકેડિંગ ખોલી નાંખવા માંગ

**મેયરે** સ્થળ વિઝિટ કરી સિડકો સાથે બેઠક યોજી યોગ્ય ઉકેલ લાવવા સૂચના આપી

સુરતઃ સુરતના વરાછા વિસ્તારમાં ચાલી રહેલી મેટ્રો તેમજ એમએમટીએચ પ્રોજેક્ટની કામગીરીને લીધે લાંબા સમયથી લંબે હનુમાન રોડ તેમજ સૂર્યપુર ગરનાળાનો આંશિક ભાગ અને કામરેજથી પોદ્દાર આર્કેડ તરફનો આંશિક રસ્તો બંધ છે, જેના કારણે સ્થાનિક રહેવાસીઓ, વેપારીઓ અને રત્નકલાકારોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ ઉપરાંત, સિડકો (એમએમટીએચની કામગીરી કરનારી કંપની) દ્વારા વરાછા પોલીસ મથકથી યશ પ્લાઝા સુધીના વરાછા મેઈન રોડનો એક તરફનો ભાગ પણ બંધ કરવામાં આવતાં લોકોમાં રોષ ફેલાયો હતો. આ ફરિયાદો મેયર દક્ષેશ માવાણી સુધી પહોંચતાં તેમણે તાત્કાલિક સિડકોના અધિકારીઓ સાથે બેઠક યોજી, સૂર્યપુર ગરનાળા તરફનો રસ્તો તેમજ આંશિક બંધ કરાયેલા રસ્તા ખોલવા માટે સૂચના આપી હતી.

સિડકો દ્વારા આ વિસ્તારમાં એમએમટીએચ પ્રોજેક્ટ અંતર્ગત બ્રિજ બનાવવાની કામગીરી પણ કરવામાં આવી રહી છે. જે બ્રિજની કામગીરીને લઈને પણ ઘણાં રસ્તા આંશિક બંધ છે.

તદ્ઉપરાંત યશ પ્લાઝા પાસે ખાડા ખોદવાની કામગીરી શરૂ કરાતાં વરાછા પોલીસ મથકથી યશ પ્લાઝા સુધીનો એક તરફનો રસ્તો છેલ્લા એક મહિનાથી બંધ કરાયો હતો, લોકોની વધતી ફરિયાદોને પગલે મેયરે સ્થળની મુલાકાત લઈ, સિડકોના અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. મેયર દ્વારા સૂચના આપવામાં આવી હતી કે, જે રસ્તા પર કામ ચાલુ છે ત્યા બેરીકેડ રાખવામાં આવે અને જ્યાં કામગીરી હજી ચાલુ જ નથી કરાઈ તે ભાગમાં બેરીકેડીંગ ખોલી દેવામાં આવે, કે જેથી લોકોને હેરાનગતિ ના થાય.

# વરાછામાં મનપાની શાળાને અડીને કરાયેલું ગેરકાયદે બાંધકામ તોડી પાડવા આદેશ

**ક્રિષ્ના** ઈન્ડસ્ટ્રિઝે માર્જિન છોડ્યા વિના જ બાંધકામ કર્યું, મેયરના ધ્યાને આવતાં અધિકારીઓને બોલાવી ડિમોલિશનની તાકીદ કરી

સુરતઃ સુરતના વરાછા ઝોન-બીના પુણા વિસ્તારમાં ક્રિષ્ના ઈન્ડસ્ટ્રિઝમાં માર્જિન છોડ્યા વિના મનપાની શાળાને અડીને કરવામાં આવેલા ગેરકાયદે બાંધકામે ફરી એકવાર વિવાદ સર્જ્યો છે. મંગળવારે વરાછા વિસ્તારના રાઉન્ડ પર નીકળેલા મેયર દક્ષેશ માવાણીની નજરે આ બાંધકામ ચઢતાં તેમણે તાત્કાલિક ઝોનના અધિકારીઓને બોલાવી, ખુલાસો માગ્યો અને ગેરકાયદે બાંધકામ તોડી પાડવાની સૂચના આપી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ, પુણા વિસ્તારમાં ક્રિષ્ના ઈન્ડસ્ટ્રિઝ સોસાયટીની કમ્પાઉન્ડ વોલને અડીને સુરત મહાનગરપાલિકાની શાળાનું બાંધકામ ચાલી રહ્યું છે. આ શાળાની પાછળ, ક્રિષ્ના ઈન્ડસ્ટ્રીઝ દ્વારા નિયમોનું ઉલ્લંઘન કરીને માર્જિન છોડ્યા વિના કમ્પાઉન્ડ વોલ સાથે કોમર્શિયલ હેતુસરનું બાંધકામ કરવામાં આવ્યું છે. મેયરે રાઉન્ડ દરમિયાન આ ગેરકાયદે બાંધકામ જોઈ, તુરંત ઝોનના અધિકારીઓને સ્થળ પર બોલાવી, બાંધકામની વિગતો અને મંજૂરીની માહિતી માગી હતી.

અધિકારીઓના અસંતોષકારક જવાબ બાદ મેયરે આ બાંધકામ તાકીદે તોડી પાડવાનો આદેશ આપ્યો હતો.

# જહાંગીરપુરામાં નોકરી છૂટી જતાં પુત્રીના લગ્નના ટેન્શનમાં આધેડે આપઘાત કર્યો

સુરતઃ જહાંગીરપુરા ખાતે રહેતા આધેડે પુત્રીના લગ્નના ટેન્શનમાં અને આર્થિક સંકડામણને કારણે આપઘાત કર્યો હોવાનું જાણવા મળ્યું છે.

જહાંગીરપુરા સુમન વંદન આવાસમાં રહેતા 58 વર્ષીય ચંપકભાઈ મગનભાઈ પટેલનું બાર દિવસથી કામ છૂટી ગયું હતું, જેથી તેઓ સતત ટેન્શનમાં રહેતા હતા. બીજી બાજુ પુત્રીની સગાઈ થઈ જતા તેના લગ્નનું ટેન્શન હતું. જેથી ચંપકભાઈ સોમવારે સવારે ઘરેથી હું નોકરીએ જાઉં છું કહી નીકળી ગયા હતા. સાંજે ચંપકભાઈ ઘરે પરત નહીં આવતા પરિવારજનોએ તેમની શોધખોળ હાથ ધરી હતી, પરંતુ ચંપકભાઈની કોઈ ભાળ મળી ન હતી. દરમિયાન મંગળવારે વહેલી સવારે નાનપુરા ખાતે નાવડી ઓવારે તેમનો મૃતદેહ મળી આવ્યો હતો.